દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શનિવાર ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬

# ગુજરાતનું દેવું 4.30 લાખ કરોડને પાર, સરકારે નાણાકીય શિસ્ત જાળવવી પડશે

આજના સમયમાં રાજ્યનો આર્થિક વિકાસ અને તેનું નાણાકીય વ્યવસ્થાપન એ કોઈપણ શાસનની કાર્યક્ષમતા માપવાનો મુખ્ય માપદંડ બની ગયો છે. તાજેતરમાં ગુજરાત રાજ્ય વિધાનસભામાં રાજ્યના નાણા મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન યુસુફભાઈ ખેડાવાલાના એક પ્રશ્નના લેખિત જવાબમાં રજૂ કરવામાં આવેલા સત્તાવાર આંકડા અનુસાર, ગુજરાતનું જાહેર દેવું રૂ.૪,૩૦,૩૨૦ કરોડ સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જે દેવું રૂ.૩,૭૪,૮૫૫ કરોડ હતું, તેમાં વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલા અંદાજ મુજબ આશરે રૂ.૫૫,૦૦૦ કરોડનો મોટો વધારો જોવા મળી રહ્યો છે. આ આંકડા માત્ર ચોપડે લખાયેલા નાણાકીય સરવાળા નથી, પરંતુ રાજ્યના આર્થિક ભવિષ્ય અને પ્રજા પર વધતા પરોક્ષ બોજનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે. રાજ્યનું વધતું જતું જાહેર દેવું અને ખાસ કરીને તેની ભરપાઈ પાછળ ખર્ચાતી વિરાટ રકમ હવે ગંભીર ચર્ચા અને આત્મચિંતનનો વિષય બની ગઈ છે. ૨૦૨૫-૨૬ના નાણાકીય અંદાજો મુજબ, રાજ્ય સરકારને માત્ર વ્યાજની ચુકવણી પેટે રૂ.૨૭,૦૯૫ કરોડ અને મુદ્દલ રકમની પરત ચુકવણી માટે રૂ.૩૪,૦૨૫ કરોડનો ખર્ચ કરવો પડશે. એટલે કે, રાજ્યની સરકારી તિજોરીમાંથી કૂલ રૂ.૬૧,૧૨૦ કરોડની તોંગી રકમ માત્ર ભૂતકાળમાં લીધેલા કરજની ભરપાઈ પાછળ ધોવાઈ જશે. જ્યારે બજેટનો આટલો મોટો હિસ્સો વ્યાજ અને મુદ્દલ ચુકવવામાં વપરાઈ જતો હોય, ત્યારે પ્રજાના કલ્યાણ, શિક્ષણ, આરોગ્ય, ગ્રામીણ વિકાસ અને પાયાની જરૂરિયાતો પર ખર્ચ કરવા માટે બચતી રકમમાં અનિવાર્યપણે કાપ મૂકવો પડે છે. વિકાસશીલ અને ઔદ્યોગિક રીતે અગ્રેસર ગણાતા ગુજરાત રાજ્ય માટે દેવું લેવું એ પોતે કોઈ અસામાન્ય કે ગુનાહિત બાબત નથી. મૂડીગત રોકાણ, જેમ કે રસ્તા, પુલ, સિંચાઈ યોજનાઓ, ઉદ્યોગો માટેનું માળખું અને ઊર્જા ક્ષેત્રે વિકાસ માટે દેવું લેવું એ અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ વ્યાજબી ગણાય છે, કારણ કે આવા રોકાણો ભવિષ્યમાં રાજ્યની આવક અને ઉત્પાદકતામાં વધારો કરે છે. પરંતુ મુખ્ય પ્રશ્ન એ ઊભો થાય છે કે, લેવામાં આવેલું કરજ ક્યાં અને કેવી રીતે વપરાઈ રહ્યું છે?

શું લીધેલી લોનમાંથી સ્થાપિત થયેલી સંપત્તિ એટલી આવક ઊભી કરી રહી છે કે જેથી દેવાનો બોજ પોતે જ હળવો થઈ શકે? જો દેવાનો મોટા ભાગનો હિસ્સો વહીવટી ખર્ચાઓ, બિન-ઉત્પાદક યોજનાઓ કે માત્ર લોનનું વ્યાજ ચૂકવવામાં વપરાઈ જાય, તો તે રાજ્યને 'ડેબ્ટ ટ્રેપ' તરફ ધકેલી શકે છે. આર્થિક નિષ્ણાતોના મતે, વ્યાજની ચૂકવણીમાં વર્ષોવર્ષ થતો વધારો રાજ્યના આર્થિક વ્યવસ્થાપન સામે નવા પડકારો સર્જે છે. વર્ષ ૨૦૨૪-૨૫ની સરખામણીએ ૨૦૨૫-૨૬માં વ્યાજ ચુકવણીમાં જ આશરે રૂ.૧૪,૪૯૧ કરોડનો અને મુદ્દલ ચુકવણીમાં રૂ.૪,૮૯૯ કરોડનો વધારો થવાનો અંદાજ છે. આ આંકડા દર્શાવે છે કે સરકાર નવી યોજનાઓ અને વિકાસકામો માટે જે કમાણી કરે છે, તેનો મોટો ભાગ જૂના દેવાના ચક્રને ચાલુ રાખવામાં જ વપરાઈ જાય છે. આ પરિસ્થિતિ લાંબા ગાળે રાજ્યના નાણાકીય શિસ્ત માટે જોખમી સાબિત થઈ શકે છે. આ સ્થિતિમાંથી બહાર આવવા માટે રાજ્ય સરકારે નાણાકીય વ્યવસ્થાપનમાં કડક અને નક્કર પગલાં લેવાની તાતી જરૂરિયાત છે.

જેમાં શાસન અને વહીવટમાં થતા બિનજરૂરી ખર્ચાઓ, ભવ્ય આયોજનો અને બિન-જરૂરી પ્રચાર-પ્રસાર પાછળ થતા વ્યય પર તાકીદે લગામ લગાવવી જોઈએ. માત્ર ટેક્સ વધારીને સામાન્ય જનતા પર બોજ નાખવાને બદલે કરચોરી અટકાવવી, સરકારી સંપત્તિઓનો મહત્તમ આર્થિક ઉપયોગ કરવો અને બિન-કર આવક વધારવાના માર્ગો શોધવા જોઇએ. જે યોજનાઓ કે પ્રોજેક્ટ્સ માટે કરજ લેવામાં આવે છે તે નિયત સમયમર્યાદામાં પૂરા થાય તે સુનિશ્ચિત કરવું જરૂરી છે, જેથી પ્રોજેક્ટ કોસ્ટ વધે નહીં અને ઝડપથી આર્થિક વળતર મળવાનું શરૂ થાય. રાજ્યના જાહેર દેવાની વિગતો અને તેના ઉપયોગ અંગે વિપક્ષ અને સામાન્ય જનતા સમક્ષ સમયાંતરે પારદર્શક ચિત્ર રજૂ થવું જોઈએ, જેથી જાહેર નાણાંની જવાબદારી જળવાઈ રહે. ગુજરાત એ દેશનું આર્થિક એન્જિન ગણાય છે અને તેની આર્થિક સ્થિરતા સમગ્ર દેશ માટે મહત્વની છે. દેવાની રકમ રૂ.૪.૩૦ લાખ કરોડ વટાવી જાય તે ચેતવણીરૂપ ઘંટડી છે. સરકારે હવે 'વિકાસ' અને 'નાણાકીય શિસ્ત' વચ્ચે સંતુલન જાળવવું પડશે. જો અત્યારથી જ યોગ્ય નાણાકીય આયોજન, ખર્ચ પર નિયંત્રણ અને દેવાનો સદુપયોગ કરવાનો વ્યૂહાત્મક અભિગમ અપનાવવામાં નહીં આવે, તો આવનારી પેઢીઓ પર વ્યાજનો ભારે બોજ જમા થઈ જશે. સમય આવી ગયો છે કે સરકાર માત્ર આંકડાકીય વિકાસ દર્શાવવાને બદલે રાજ્યની તિજોરીને આત્મનિર્ભર અને દેવામુક્ત બનાવવા તરફ નક્કર અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ પગલાં ભરે.

# મમતા બેનર્જી અને બળવાખોરોની હાલત એક સમાન !

## રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

**તાજેતરમાં જ ટીવીકે અને તેના સહયોગી પક્ષોએ મળીને સત્તાવાર રીતે પોતાના ગઠબંધનનું નામ 'સેક્યુલર સોશિયલ જસ્ટિસ વિક્ટરી એલિયન્સ' રાખ્યું છે, જેમાં કોંગ્રેસ, વીસીકે, આઈયુએમએલ અને ડાબેરી પક્ષો સામેલ છે**

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની હાલત ખરાબ થતી જાય છે. નંદીગ્રામ બેઠકની પેટાચૂંટણીમાં એ ઉમેદવારી કરવા તૈયાર નથી. બીજી બાજુ ટીએમસી છોડી સાવ નાના અને સાવ અજાણ્યા પક્ષમાં ગયેલા ૨૦ સાંસદો પણ ફસાયા છે. એમના સભ્યપદ જોખમમાં છે. સુપ્રીમ કોર્ટ અને લોકસભા સ્પીકરે એમને નોટિસ પાઠવી છે. કદાચ આવું કોઈ પક્ષના સંદર્ભે પહેલીવાર બની રહ્યું છે. પશ્ચિમ બંગાળમાં નંદીગ્રામ વિધાનસભા બેઠક પર યોજાનાર પેટાચૂંટણી ૬ ઓક્ટોબરે છે અને ૯ ઓક્ટોબરે મતગણતરી થશે. આ પેટાચૂંટણીના માધ્યમથી પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર હાઈ-વોલ્ટેજ મુકાબલો થવાની સંભાવના છે. જોકે, એવા સંકેતો મળી રહ્યા છે કે તૃણમૂલ કોંગ્રેસને નંદીગ્રામ પેટાચૂંટણી માટે ઉમેદવાર શોધવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. મમતા બેનર્જી લડવાના નથી એ નિશ્ચિત છે. અને તાજેતરમાં જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં TMCમાંથી કોઈ હાજર પણ રહ્યું ન હતું. અધિકારીએ બાદમાં ભવાનીપુર બેઠક જાળવી રાખી હતી, જેના કારણે નંદીગ્રામમાં ખાલી પડેલી બેઠક પર હવે પેટાચૂંટણી યોજાઈ રહી છે. બીજી તરફ, ભાજપે આ ચૂંટણી માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. મમતા માટે બંગાળમાં આવી સ્થિતિ સર્જાઈ એવું કોણે વિચાર્યું હતું!

ટીએમસી છોડીને અન્ય સુપ્રીમ કોર્ટ અને લોકસભા સચિવાલય તરફથી આ સાંસદોને નોટિસો પણ જારી કરવામાં આવી છે, જેના કારણે તેમની સંસદની સદસ્યતા પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે.

મમતા બેનર્જીની હાર બાદ TMCના ૨૦ જેટલા લોકસભા સાંસદોએ બળવો કરીને ત્રિપુરા આધારિત નાની પાર્ટી 'નેશનાલિસ્ટ સિટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા'માં પોતાના જૂથનું વિલય કરી દીધું હતું અને એનડીએને સમર્થન જાહેર કર્યું હતું. દસમી અનુસૂચિ હેઠળ સભ્યપદ બચાવવા માટે તેમણે આ રસ્તો અપનાવ્યો હતો, કેમ કે બે-તૃતીયાંશ સભ્યો અલગ થવાથી ગેરલાયકાતથી બચી શકાય છે.

ટીએમસી નેતા અભિષેક બેનર્જીએ આ ૨૦ બળવાખોર સાંસદો સામે લોકસભા અધ્યક્ષ સમક્ષ તેમની સદસ્યતા રદ કરવાની માંગ કરતી અરજીઓ દાખલ કરી હતી. મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યા બાદ કોર્ટે સ્પીકરને આ મામલે ઝડપથી કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ આ ૨૦ બળવાખોર સાંસદોને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો હતો. સ્પીકરે સંસદમાં તેમને અલગ બેઠક વ્યવસ્થા તો આપી દીધી છે, પરંતુ તેમના વિલય કે સભ્યપદ અંગેનો આખરી નિર્ણય હજુ લેવાનો બાકી છે. ભાજપે આ 'ઉંડે નારો વા કુંજરો વા' જેવું વલણ અપનાવ્યું છે. કેન્દ્ર સરકાર અને ભાજપને સંસદમાં આ બળવાખોર સાંસદોના સંખ્યાબળની જરૂર છે, તેથી આ સાંસદોએ જ્યારે 'એનસીપીઆઈ' દ્વારા એનડીએને સમર્થન જાહેર કર્યું, ત્યારે ભાજપે તેને આવકાર્યું હતું. આ બળવાખોર સાંસદો સત્તાવાર રીતે શાસક ગઠબંધન એનડીએની બેઠકોમાં હાજર રહ્યા છે. મોદીએ આ બેઠકોમાં તેમને આવકારતાં કહ્યું હતું કે એનડીએમાં વર્ષોથી જોડાયેલા હોય કે ભલે તાજેતરમાં આવ્યા હોય, બધા એક પરિવાર સમાન છે અને પશ્ચિમ બંગાળના વિકાસ માટે સૌએ સાથે મળીને કામ કરવાનું છે. ભાજપ સ્થાનિક રાજકારણમાં તેમને સીધા પોતાના પક્ષમાં સામેલ કરવા અંગે સાવચેતી રાખતી હોય, પરંતુ સંસદીય સ્તરે એનડીએના સભ્ય અને સહયોગી તરીકે આ તમામ સાંસદોએ ગઠબંધનની બેઠકોમાં સક્રિય ભાગ લીધો છે. ટૂંકમાં મમતા અને બળવાખોરો બંનેની હાલત ખરાબ છે.

**કોંગ્રેસ, ટીવીકેનો સંયુક્ત મોરચો**

તામિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં વિજયની પાર્ટી ટીવીકેની સત્તા છે ને કોંગ્રેસ સહયોગી પક્ષ છે. સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી. તાજેતરમાં જ ટીવીકે અને તેના સહયોગી પક્ષોએ મળીને સત્તાવાર રીતે પોતાના ગઠબંધનનું નામ 'સેક્યુલર સોશિયલ જસ્ટિસ વિક્ટરી એલિયન્સ' રાખ્યું છે, જેમાં કોંગ્રેસ, વીસીકે, આઈયુએમએલ અને ડાબેરી પક્ષો સામેલ છે. આ ગઠબંધન તામિલનાડુમાં લાંબા સમયથી ચાલતા દ્રવિડિયન રાજકારણના વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. રાજ્યમાં પેટાચૂંટણીઓ અને લોકસભા તો સાથે લડશે જ. શું આ મોરચો તામિલનાડુ બહાર પણ સાથે મળી લડશે ખરા? આ પ્રશ્નનો જવાબ મળવો બાકી છે. આ દરમિયાન પંજાબના મોહાલીમાં રજિસ્ટર્ડ રાઘવ ચઢ્ઢાનું નામ ડ્રાફ્ટ વોટર લિસ્ટમાંથી હટાવીને 'શિફ્ટેડ' (સ્થળાંતરિત) બતાવવામાં આવ્યું હતું. રાઘવ ચઢ્ઢાએ આના પર નારાજગી વ્યક્ત કરી હતી અને પંજાબની AAP સરકાર પર બદલાની ભાવનાથી કામ કરવાનો આરોપ લગાવ્યો હતો.


**રાઘવ ચઢ્ઢા પંજાબથી દિલ્હી!**

આપ છોડી ભાજપમાં આવનાર રાઘવ ચઢ્ઢા આમ તો પંજાબના મતદાર છે, પણ પંજાબમાં એસઆઈઆર ચાલુ છે અને પ્રોવિઝનલ યાદીમાં રાઘવનું નામ નીકળી ગયું અને વિવાદ શરૂ થયો. પંજાબમાં આ વિવાદ ચાલી રહ્યો હતો તે દરમિયાન દિલ્હીની રાજેન્દ્ર નગર વિધાનસભા બેઠકની ડ્રાફ્ટ વોટર લિસ્ટમાં અચાનક રાઘવ ચઢ્ઢાનું નામ ઉમેરાઈ ગયું. જ્યારે કે ૩૧ ઓગસ્ટે બહાર પડેલી મૂળ ડ્રાફ્ટ યાદીમાં તે બૂથ પર માત્ર ૭૪૬ મતદારો જ હતા.

આમ આદમી પાર્ટીના નેતાઓએ સવાલ ઉઠાવ્યો કે જ્યારે દિલ્હી અને પંજાબમાં એકસાથે એસઆઈઆર પ્રક્રિયા ચાલી રહી હતી અને ડ્રાફ્ટ લિસ્ટ ફ્રીઝ હતી, ત્યારે રાઘવ ચઢ્ઢાનું નામ પાછલા દરવાજેથી કે અયોગ્ય પ્રક્રિયા દ્વારા દિલ્હીની વોટર લિસ્ટમાં કેવી રીતે જોડાઈ ગયું? જોકે, દિલ્હીના ચૂંટણી પંચે ખુલાસો કર્યો કે, રાઘવ ચઢ્ઢાએ ૨૬ ઓગસ્ટે દિલ્હીમાં નામ નોંધાવવા માટે 'ફોર્મ-૬' ભર્યું હતું, જે યોગ્ય પ્રક્રિયા અને ૭ દિવસની નોટિસ પિરિયડ બાદ ૨ સપ્ટેમ્બરે મંજૂર કરવામાં આવ્યું હતું. રાઘવનું સભ્યપદ જોખમમાં હતું એ હવે સલામત થઈ ગયું છે અને રાઘવ ચઢ્ઢાએ આપના તમામ આરોપોને ફગાવી દીધા અને કટાક્ષ કરતાં પોતાની જૂની પાર્ટીને 'કડવી એક્સ' ગણાવી હતી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## પથ્થર કોતરતો માણસ



જાપાનની એક લોકકથામાં એક ગરીબ પથ્થર કોતરનારની વાત આવે છે. તે આખો દિવસ પથ્થરો તોડતો અને તેમાં કોતરણી કરતો સખ્ત મહેનત કરતો, છતાં પોતાની ગરીબીથી દુઃખી રહેતો.

એક દિવસ તે ઘરની ભાર પથ્થરમાં કોતરણી કરી રહ્યો હતો ત્યારે તેણે એક ધનિક માણસને સુંદર ઘોડાગાડીમાં જોયો. તેણે વિચાર્યું, 'કાશ! હું પણ ધનિક હોત. મારી પાસે બહુ પૈસા હોત તો જીવન જીવવાની મજા આવત .....'

અચાનક જ તેની આ ઇચ્છા પૂરી થઈ ગઈ. તે ગરીબીમાંથી મુક્ત થઈને ધનિક બની ગયો. પરંતુ થોડા દિવસમાં તેણે જોયું કે તે પોતે અને તેના જેવા બધા ધનિકો રાજાને સલામ કરે છે અને રાજાનો વૈભવ અને શક્તિ જોતા તેણે વિચાર્યું, 'રાજા જેવું શક્તિશાળી કોઈ નથી કક્ષ હું રાજા બની જાવ તો મજા આવી જાય હું સૌથી સમૃદ્ધ અને સૌથી શક્તિશાળી બની જાઉં.'

તેના વિચારતા જ અચાનક તેની આ ઈચ્છા પણ પૂરી થઈ ગઈ અને તે રાજા બન્યો.

રાજા બન્યા પછી તેને સૂર્યની ગરમીનો અનુભવ થયો. તેણે વિચાર્યું, "સૂર્ય સૌથી શક્તિશાળી છે." તે સૂર્ય બની ગયો.પણ જયારે વાદળોએ સૂર્યને ઢાંકી દીધો. તેને વિચાર આવ્યો, 'આ વાદળ સૌથી શક્તિશાળી છે. કાશ હું વાદળ હોત.' બસ આ વિચારતા તે વાદળ બન્યો. પવન વાદળોને ઉડાવી દેતો હતો, તેથી વિચાર કરતા જ તે પવન બન્યો.

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

પણ પવન બન્યા પછી તે એક વિશાળ પર્વતને હલાવી શક્યો નહીં એટલે તેણે વિચાર્યું, 'પર્વત સૌથી શક્તિશાળી છે.મારે સૌથી શક્તિશાળી રહેવું છે.' આમ વિચારતા જ તે પર્વત બની ગયો.

બરાબર તે જ સમયે એક નાનો માણસ હથોડો લઈને આવ્યો પર્વત માંથી તેને પથ્થર તોડ્યો અને અને છીણીથી પથ્થરને કોતરવા લાગ્યો.

પર્વતે વિચાર્યું, 'આ માણસ તો મારાથી પણ શક્તિશાળી છે!' અને અંતે તે ફરી એ જ પથ્થર કોતરનાર માણસ બની ગયો. જાપાની લોકકથા સરસ વાત સમજાવે છે કે જીવનમાં બીજાની શક્તિ જોઈને આપણે ઘણીવાર પોતાની શક્તિ ભૂલી જઈએ છીએ. કદાચ તમે જે બનવા માગો છો, તેની શક્તિ અને આવડત તમારી અંદર પહેલેથી જ હાજર છે. પોતાની ઓળખ અને ક્ષમતાની ઓળખ કરવી જરૂરી છે. દરેકમાં રહેલી શક્તિ હંમેશાં કોઈને કોઈની સરખામણીમાં મોટી કે નાની હોય છે. તેથી સતત બીજા જેવા બનવાની ઇચ્છાનો અંત નથી.બીજા જેવ અનાહી પોતાના જેવા એક માત્ર બનો.

# તમિલનાડુનું નવું ગઠબંધન વિરુદ્ધ ઈન્ડિયા બ્લોક

## રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

**અભિનેતામાંથી રાજનેતા બનેલા મુખ્યમંત્રી સી. જોસેફ વિજયની નવી રાજકીય પાર્ટી 'તમિળગા વેટ્રી કઝગમ' ના નેતૃત્વ હેઠળ રચાયેલું 'સેક્યુલર સોશિયલ જસ્ટિસ વિક્ટ્રી એલાયન્સ' એક રસપ્રદ મોરચો બની રહ્યો છે**

દક્ષિણના રાજ્ય તમિલનાડુમાં કૉંગ્રેસના સમાવેશ સાથે એક નવરચિત રાજકીય મોરચાએ ઔપચારિક આકાર લીધો છે. રાજકીય દળોનું આ નવું પુનર્ગઠન સ્થાનિક સ્વરૂપ ધરાવતું હોવા છતાં રાષ્ટ્રીય રાજકારણ પર તેનો પ્રભાવ પડવો નિશ્ચિત છે. અભિનેતામાંથી રાજનેતા બનેલા મુખ્યમંત્રી સી. જોસેફ વિજયની નવી રાજકીય પાર્ટી 'તમિળગા વેટ્રી કઝગમ' ના નેતૃત્વ હેઠળ રચાયેલું 'સેક્યુલર સોશિયલ જસ્ટિસ વિક્ટ્રી એલાયન્સ' એક રસપ્રદ મોરચો બની રહ્યો છે. તેમાં કૉંગ્રેસ તમિલનાડુના શાસક ગઠબંધનમાં ગૌણ ભૂમિકા ભજવી રહી હોવા છતાં કેન્દ્રબિંદુ તરીકે સક્રિય છે.

સત્તાધારી ડીએમકેને બેદખલ કર્યા પછી તમિલનાડુમાં વિજયનો સત્તાનો થોડા મહિનાનો સમયગાળો નવી પેઢીના રાજકારણી તરીકેની એક તાજી દૃષ્ટિ અને બિનપરંપરાગત રાજકીય શૈલીનું ઉદાહરણ છે. શાસનમાં પણ, જોકે તેમની કાર્યશૈલી વિશે ચોક્કસ અભિપ્રાય બાંધવો એ બહુ ઓછો સમય છે, પણ એક યુવાન સુપરસ્ટારમાંથી રાજકીય નેતા બનેલી તેમની છબી અનુસાર તેમણે પરંપરાગત રાજકારણના જૂના રસ્તા છોડીને જનતા-વિશેષ કરીને 'જન ઝી'-સાથે સારો સંવાદ સાધવાનો એક નવો માર્ગ કંડારવાનું સાહસ દર્શાવ્યું છે.

નવા ગઠબંધનની સ્થાપનાને આ પૃષ્ઠભૂમિમાં જ જોવી પડશે. છ દાયકા પછી તમિલનાડુમાં સત્તામાં ભાગીદારી મેળવનારી કૉંગ્રેસે, રાષ્ટ્રીય સ્તરે ઈન્ડિયા બ્લોકમાં જોડાવા કે ન જોડાવા અંગે વિજય તરફથી કોઈ સ્પષ્ટ વચન કે વલણ ન મળ્યું હોવા છતાં આ ગઠબંધનનો હિસ્સો બનવાનું સ્વીકાર્યું છે-જે બાબત આખી સ્થિતિને રસપ્રદ તેમજ જટિલ બનાવે છે.

શું કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી પહેલાં ડીએમકેનો સાથ છોડીને વિજયના કાફલામાં જોડાઈને ઉતાવળ કરી હતી? ચૂંટણીની દૃષ્ટિએ તેમનો નિર્ણય ખોટો નહોતો. કારણ કે, ટીવીકેએ અદભુત વિજય મેળવ્યો અને કૉંગ્રેસે પણ તેની મદદથી આખરે એસએસજેવીએના ભાગરૂપે સત્તામાં ભાગીદારી મેળવી લીધી. આ પહેલાં તેઓ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પણ ડીએમકેના બદલે ટીવીકે સાથે મળીને લડવા ઈચ્છતા હતા, પરંતુ ગાંધીના આ પ્રસ્તાવને તમિલનાડુના પૂર્વ કેન્દ્રીય મંત્રી અને હાલના રાજ્યસભા સાંસદ પી. ચિદમ્બરમના નેતૃત્વ હેઠળના તેમની જ પાર્ટીના નેતાઓએ અટકાવી દીધો હતો.

કદાચ, ગાંધીએ રાજ્યની વાસ્તવિક સ્થિતિને બરાબર સમજી લીધી હતી, જ્યાં કૉંગ્રેસને દ્રવિડિયન પક્ષો દ્વારા હાંસિયામાં ધકેલી દેવામાં આવી હતી અને તેમણે કૉંગ્રેસને તમિલનાડુમાં જરાય જમીન નહોતી આપી. કૉંગ્રેસ નેતૃત્વ હેઠળની યુપીએ સરકારોમાં પ્રાદેશિક પક્ષ હોવા છતાં ડીએમકે પ્રભાવશાળી ભાગીદાર બન્યું હતું અને તેનો સૌથી મોટો લાભાર્થી રહ્યું હતું. ડીએમકેના વડા એમ. કે. સ્ટાલિને વિધાનસભા ચૂંટણી પહેલાં સત્તા જાળવી રાખવાની સ્થિતિમાં કૉંગ્રેસ સાથે સત્તા વહેંચણીના ચૂંટણી પૂર્વેના કરારની કૉંગ્રેસની માંગણીને ફગાવી દીધી હતી. તેનાથી વિપરીત, વિજયે કૉંગ્રેસને સરકારમાં ભાગીદાર તરીકે સહર્ષ સ્વીકારી લીધી.

જોકે, વિધાનસભા ચૂંટણીમાં હાર અને કૉંગ્રેસે ટીવીકેનો સાથ આપવાનો નિર્ણય લીધા પછી ડીએમકેએ તાત્કાલિક ઈન્ડિયા બ્લોક સાથેના પોતાના સંબંધો તોડી નાખ્યા, પરંતુ તે હજી પણ રાષ્ટ્રીય સ્તરે પોતાના જોડાણની સ્પષ્ટ રેખા નક્કી કરી શક્યું નથી.

શું તે ભાજપ પ્રેરિત એનડીએમાં જોડાશે, તટસ્થ રહેશે કે કૉંગ્રેસ નેતૃત્વ હેઠળના વિપક્ષી ગઠબંધન સાથે વ્યૂહાત્મક સંપર્ક જાળવી રાખશે? રાષ્ટ્રીય સ્તરે પણ ડીએમકેનું રાજકીય મહત્ત્વ જાળવી રાખવા માટે મિશ્ર સંકેતો આપવા છતાં સ્ટાલિને હજી સુધી ચિત્ર સ્પષ્ટ કર્યું નથી. જે સૌથી વિવાદાસ્પદ મુદ્દો ડીએમકેને નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના એનડીએમાં જોડાતા રોકી રહ્યો છે, તે છે મતક્ષેત્રોનું સીમાંકન (ડિલિમિટેશન) અને તેને પરિણામે લોકસભાની બેઠકોમાં થનારો વધારો. ભાજપ શાસનની યોજના મુજબ, દક્ષિણના રાજ્યોએ હિન્દીભાષી રાજ્યો ('કાઉ બેલ્ટ') સામે નુકસાન વેઠવું પડશે, જે ભાજપના ગઢ માનવામાં આવે છે. કારણ કે, આ પગલું ભગવા પક્ષની તેની પરંપરાગત સત્તા પરની પકડ વધુ મજબૂત કરશે.

સ્ટાલિન અહીં જ અટવાયા છે અને આખરી નિર્ણય લઈ શકતા નથી. જોકે, તેઓ મોદી અને તેમની ટીમ સાથે વાટાઘાટો કરી રહ્યા છે જેથી સીમાંકનની પ્રક્રિયા દક્ષિણના રાજ્યોના હિતોને નુકસાન ન પહોંચાડે તે પ્રકારની ખાતરી મેળવી શકાય. આ 'રાહ જુઓ અને જુઓ'ની રમતનો સંકેત એ વાતથી મળે છે કે, સરકાર સીમાંકનના મુદ્દે સ્ટાલિન અને અન્ય વિરોધ નોંધાવનારા રાજકીય પક્ષો સાથે કોઈ સમજૂતી પર પહોંચવાની આશામાં સંસદનું ચોમાસું સત્ર અનિશ્ચિત મુદત માટે સ્થગિત કર્યા વગર ખુલ્લું રાખી રહી છે.

એક મજબૂત વિચારસરણી એવું માને છે કે, લોકસભામાં ડીએમકેની તાકાતને ધ્યાનમાં રાખીને ગાંધીએ ડીએમકે સાથે સંબંધો તોડવા જોઈતા નહોતા. સંસદમાં ડીએમકેના બળે મોદી સીમાંકન અને મહિલા અનામત જેવા મહત્ત્વના અને વિવાદાસ્પદ બિલ પસાર કરાવી શકે છે. કૉંગ્રેસની આ પાસાને લગતી વ્યૂહરચના શું છે તે કોઈ નથી જાણતું અને ગાંધીએ સ્ટાલિન સાથે વ્યક્તિગત સંપર્કો જાળવી રાખ્યા છે કે નહીં (જેમની સાથે ગઠબંધન વખતે તેમના સારા સંબંધો હતા) તે પણ અસ્પષ્ટ છે.

સત્તાધારી એનડીએમાં ભાજપ સંપૂર્ણપણે સહયોગી પક્ષો અને બહારના સમર્થન પર નિર્ભર છે તે બાબતને જોતાં કૉંગ્રેસે સંસદના બંને ગૃહોમાં ડીએમકેના સંખ્યાબળના મહત્ત્વને ધ્યાનમાં ન લીધું હોય તો તે તેની ભારે ભૂલ ગણાશે. જો આવું નહીં હોય તો સરકારે રજૂ કરેલા મહત્ત્વપૂર્ણ બિલને જો ડીએમકે સમર્થન આપવાનું નક્કી કરે તો કૉંગ્રેસ (જીઓપી)એ તેનો વાંક સ્વીકારવા તૈયાર રહેવું પડશે.

તમિલનાડુ-કેન્દ્રિત આ નવા ગઠબંધનથી ઉદ્ભવતો એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે, વિપક્ષી એકતા અને વિશેષ કરીને ૨૦૨૯ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ વિરોધી ગઠબંધનની દૃષ્ટિએ તે ઈન્ડિયા બ્લોક અને રાષ્ટ્રીય રાજકારણને કેવી રીતે પ્રભાવિત કરશે? શું એસએસજેવીએ રાષ્ટ્રીય સ્તરે હાલના વિપક્ષી ગઠબંધનને નબળું પાડવા માટે એક પ્રતિ-બળ (કાઉન્ટર ફોર્સ) તરીકે કામ કરશે?

આ નાટકના ત્રણ મુખ્ય પાત્રો પોતાના પત્તા છુપાવીને રમી રહ્યા છે. આના પરિણામે વિપક્ષી એકતાના ભવિષ્યના સ્વરૂપ અંગેની અટકળો વધુ મજબૂત બની છે. ગાંધીનું મૌન, સ્ટાલિનની ચાણક્ય જેવી ગંભીરતા અને વિજયનું ચતુર વલણ-આ ત્રણેય બાબતોએ આ પરિસ્થિતિને વધુ જટિલ બનાવી દીધી છે.

રાજકીય સ્પષ્ટતાની આ રમતમાં સ્ટાલિન અને વિજય બંને વધુ સારી અને આરામદાયક સ્થિતિમાં દેખાય છે. એનું કારણ એ છે કે, બંનેમાંથી કોઈને પણ રાષ્ટ્રીય સ્તરે સીધો કોઈ રસ નથી, જ્યારે ગાંધી (એટલે કે કૉંગ્રેસ) મુખ્ય વિરોધ પક્ષ તરીકે મોદીના મુખ્ય હરીફ છે અને તેથી વિપક્ષી એકતાનું કેન્દ્રબિંદુ છે. પરિણામે, કૉંગ્રેસના દાવ મોટા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## એકતા અને બંધુતા વિના રાષ્ટ્રનિર્માણ અધૂરું

વ્યક્તિઓ મળીને જુદા જુદા પ્રકારના સમાજોનું નિર્માણ થાય છે. માનવીના જેટલા અંગો, તેટલા પ્રકારના સ્વભાવવાળા લોકો મળે. દરેક સમાજમાં અનેક પ્રકારની વાડાબંધી જોવા મળે છે. લોકશાહી વ્યવસ્થામાં બંધારણ મુજબ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પરંતુ હજુ સુધી સમાનતા અને બંધુતા સંપૂર્ણપણે સ્વીકારવામાં આવી નથી તેનો અનુભવ રોજ અખબારમાં પ્રસિદ્ધ થતા સમાચારો વાંચતા થાય છે. હાલ સ્થિતિ એવી જોવા મળે છે કે જાહેરમાં કોઈપણ વ્યક્તિ અજુગતું વર્તન કરે તો આખા સમૂહને આવરી લેવામાં આવે છે. તેવું ન હોવું જોઈએ, કેમ કે દરેક વ્યક્તિ બંધારણ થકી ઘડવામાં આવેલા કાયદા-કાનૂનને વફાદાર રહેવાની હોય છે. રાષ્ટ્રનિર્માણમાં દરેક વ્યક્તિનો સહયોગ જરૂરી છે. સાંકળની એક કડી નબળી હોય તો સાંકળ કામની રહેતી નથી. તેમ કોઈપણ સમાજ પાછળ રહી જાય તો આખરે દેશને નુકસાન જ થાય છે. દેશ બહારનાં પરિબળોને નાથવા માટે તમામ લોકોએ સંગઠિત બની રહેવું જોઈએ. સમાજના દરેક વર્ગને સાથે લઈને આગળ વધવામાં આવે તો દેશ વધુ મજબૂત બની શકે. વિકાસના માર્ગે આગળ વધવા માટે ભેદભાવ અને વાડાબંધી છોડીને એકતા, બંધુતા અને પરસ્પર સહકારને પ્રાધાન્ય આપવું જરૂરી છે. સૌની પ્રગતિમાં દેશની પ્રગતિ છે અને દેશની પ્રગતિમાં સૌના સહયોગનું અત્યંત મહત્વ છે.

**સુરત -ચંદ્રકાન્ત રાણા**

## સ્વચ્છ વાયુ સર્વેક્ષણ માટે પ્રજાનું યોગદાન

અખબારી અહેવાલના અહેવાલ મુજબ સ્વચ્છ વાયુ સર્વેક્ષણમાં સુરત પાંચમા ક્રમે સ્થાન મેળવ્યું! જે સુરતે ભૂતકાળમાં પ્રથમ અને તૃતીય સ્થાન પણ સ્વચ્છ વાયુ માટે પ્રાપ્ત કર્યું હતું. અહીં વાત આત્મનિરીક્ષણની કરી શકાય. સ્વચ્છ વાયુ સર્વેક્ષણ માટેના જે માપદંડ છે એના તરફ ધ્યાન કેન્દ્રિત કરશું તો સૌને સ્વયંની જવાબદારીનો ખ્યાલ આવશે. સૌ પ્રથમ તો વાહનો વધુ વાયુ પ્રદૂષણ ફેલાવતા હોય છે. વાહનવ્યવહારની વ્યવસ્થા પણ ધ્યાનમાં લેવાય છે. સુરતમાં જે ઔદ્યોગિક ક્રાંતિ થઈ છે એ પ્રશંસનીય છે, પણ એ કારખાનામાંથી નીકળતો ધુમાડો અતિ વાયુ પ્રદૂષણ ફેલાવે એમાં બેમત નથી. અંગત ઘરબાંધકામ સમયે લીલા પડદાનો ઉપયોગ ન કરવો એ પણ વાયુપ્રદૂષણ ફેલાવી શકે. તો આ માટે જવાબદાર તંત્ર તો જવાબદાર છે જ પણ નાગરિકોની જવાબદારી પણ હોઈ શકે ને? ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરી શકે, ઔદ્યોગિક પ્રદૂષણ પર નિયંત્રણ કરી શકે, ખુલ્લી જગ્યાએ કચરો ન બાળી શકે, ઉત્તમ ગુણવત્તા નું ઈંધણ વાપરી શકે. પર્યાવરણ અને સ્વચ્છ હવા માટે સ્વયં જાગ્રત રહી શકે. તો સુરત પ્રથમ ઈન સ્વચ્છ વાયુ સર્વેક્ષણમાં ફરીથી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શકે. આપણા શહેર માટે આપણને સૌને સ્નેહ હોવો જોઈએ.

**સુરત - નેહા. શાહ**

## કુદરત અને માનવી

નેપાળમાં આવેલી મહા આફતે જિંદગીની મોટી શિખામણો આપી છે. કાલની કોઈ ગેરંટી નથી. જે કહેવું, કરવું છે, તે આજે જ કરી લો. ગમે તેવો શક્તિશાળી માણસ પણ કુદરત સામે ખૂબ જ નાનો, વામણો છે. અહીં નેપાળના ત્રિશુલીના એક નાગરિકનો કિસ્સો સૂચક રીતે ઘણું કહી જાય છે. પાંચ - પાંચ ઘર, ૨૦૦ સિલિન્ડર, મોટી દુકાનો, ગોડાઉન ... લગભગ ૪૫ કરોડ રૂપિયાનો કારોબાર અને સંપત્તિના માલિકનું ત્રિશુલીના વહેણમાં બધું જ વહી ગયું. એક ક્ષણમાં જળપ્રલયે વર્ષોની મહેનત, કરોડોની સંપત્તિ અને પરિવારની ખુશીઓ છીનવી લીધી. કાલે શું કરીશું? કુદરત સામે માનવી કેટલો લાચાર છે! વળી આમાં માનવીનાં કરેલાં કૃત્યો પણ જવાબદાર હોય એવું નથી લાગતું? બેશક, વિકાસ જરૂરી છે પણ વિકાસના નામે પહાડોની છાતી પર એટલો બોજ ન લાદો કે પહાડો પોતે જ તેનો પરચો બતાવવા મજબૂર બને.

**સુરત - કલ્પના બામણિયા**

## એકાગ્રતામાં ઘટાડો

આજકાલ વડીલો સહિત ઘણા લોકોમાં કોઈપણ કામ કરવા માટે પહેલાં જેવી એકાગ્રતા રહી નથી. વારે ઘડીએ મોબાઈલમાં જોવાની ટેવ પડી ગઈ છે. મોબાઈલમાં ઘણો સમય પસાર કર્યા પછી પણ કશું નવું શીખ્યા હોતા નથી અને ઠેરના ઠેર જ રહે છે. જુદી જુદી ચેનલો, રીલ્સ અને વોટ્સએપ મેસેજ જોઈને પણ કશું ઉપયોગી મળતું નથી. તેના કારણે સમયનો બગાડ થવાની સાથે આંખો અને ડોકને પણ નુકસાન થાય છે. એકાગ્રતા કેળવવા અને કોઈપણ કામ પર લાંબા સમય સુધી ટકી રહેવા માટે ધીમે ધીમે મોબાઈલથી દૂર રહેવાની ટેવ પાડો. મોબાઈલને નજરની બહાર રાખો અને નોટિફિકેશન સાઉન્ડ બંધ રાખો, જેથી ધ્યાન ભટકે નહીં. સવારે બે કલાક, રાત્રે સૂતા પહેલાં એક કલાક અને જમતી વખતે મોબાઈલનો ઉપયોગ ટાળો. પુસ્તક કે સમાચારપત્ર વાંચવાની ટેવ પાડો. નવી પ્રવૃત્તિ કે નવો શોખ કેળવો. મગજમાં જુદા જુદા વિચારો આવતા હોય તો તે કાગળ પર લખી, અગ્રતાક્રમે કરવાનાં કામનું લિસ્ટ બનાવો અને તેને અનુસરો. એક સમયે એક જ કામ કરો. મગજ કોમ્પ્યુટર નથી કે બે-ચાર કામ એકસાથે કરી શકે. મિત્રો સાથે મળો અને વાતો કરો. મોબાઈલનો જરૂરિયાત પૂરતો ઉપયોગ કરશો તો જ એકાગ્રતા જાળવી શકાશે.

**અમેરિકા -ડૉ. ચંદ્રેશ જરદોશ**

## આધારકાર્ડમાં સુધારો કરવા બાબત

મારી પૌત્રીનો જન્મ 29-11-2022 ના રોજ સુરત થયો. કતારગામ ઝોન માંથી બર્થ સર્ટીફીકેટ આપવામાં આવ્યું જેમાં પુત્રીનું નામ, પિતાનું નામ, માતાનું નામ અને જન્મતારીખ અલગથી લખીને આપ્યું અને તે આધારે મેં પૌત્રીનો આધાર કાર્ડ કઢાવ્યો જેમાં ફક્ત પુત્રીનું નામ લખેલ હતું. હવે સ્કૂલના નિયમ પ્રમાણે આધાર કાર્ડમાં પુત્રી પિતાના નામ સરનામા સહુની સાથે લાઇનમાં સુધારો કરાવી પુત્રી નામ ( પિતાના નામ અને અટક સાથે માંગે છે). હું આધાર કાર્ડમાં સુધારો કરાવવા ગયો તો નવું બર્થસર્ટીફીકેટ માંગે છે જેમાં એક પ્રમાણે ફુલ નામ લખેલ હોય. આ નિયમ સરકારે 2025 માં બનાવ્યો છે. જો 2022 માં આપેલ સર્ટીફીકેટમાં પુત્રીનું નામ, અને પિતા-માતાનાં નામ પાછળ તો શા માટે નવું બર્થ સર્ટીફીકેટ માટે કોર્પોરેશનમાં જઈ એફીડેવિટ કરાવવાની મંજૂરી કરાવવાનું આંટાફેરા કરાવવા પડે. માટે 2025 પછી જન્મેલા માટે આ નિયમ લાગે તો પહેલાં જન્મેલ માટે શા માટે નવું સર્ટીફીકેટ લાવવું પડે.

**સુરત - દીપક શાહ**

## સંઘર્ષ વિના સિદ્ધિ નથી

માણસને જીવનપથ પર ચાલતાં ચાલતાં અનેક વિરોધ, અવરોધ, પડકારો, સમસ્યા સામે આવે છે. છતાં તેનો હિમ્મતપૂર્વક સામનો કરવો પડે છે અને સંઘર્ષ સામે ઝઝૂમવું પડે છે. અનેક પ્રયત્નો બાદ ધ્યેયપ્રાપ્તિ થાય છે.માણસજાતે કદી હારવું કે ડરવું કે નાસીપાસ થવું જોઈએ નહીં કારણ કે નિષ્ફળતામાં પણ સફળતા છુપાયેલી હોય છે. ૯૯ પ્રયત્નો નિષ્ફળ જાય તો વાંધો નહીં, ૧૦૦મો પ્રયત્ન સફળ પણ નીવડી શકે છે.એક ઉદાહરણ આપું છું.

મેડીકલના એક વિદ્યાર્થીએ MBBSની બે વાર પરીક્ષા આપી પરંતુ નાપાસ થયો. છેવટે પૂરી મહેનત અને મનોબળ સાથે ત્રીજી વાર પરીક્ષા આપી. પેપરો પણ સારાં ગયાં હતાં છતાં તેના મનમાં એક જ ગ્રંથી ભરાઈ ગઈ હતી કે હું આ વેળા પણ નાપાસ થઈશ. તેણે બેડરૂમમાં જઈને પંખા સાથે લટકીને આત્મહત્યા કરી. હવે નસીબ તો જુઓ, અઠવાડિયા પછી રિઝલ્ટ આવ્યું અને MBBSના છેલ્લા વર્ષમાં તે યુવાન ફર્સ્ટ ક્લાસ રેન્ક સાથે પાસ થયો.આમ કદી હિંમત ન હારો. ફિલ્મ 'શોર' ના ગીતમાં ગાયકે સાચું જ ગયું છે. "જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહ ઓર શામ"એક ઉર્દૂ શાયરે સરસ લખ્યું છે. તકદીર બનાનેવાલે તુને કમી ન કી કિસીકો કિયા મિલા યે તો મુકદ્દર કી બાત હૈ.

**તરસાડા - પ્રવીણસિંહ મહીડા**